सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૦૯–૦૮–૨૦૨૧ | | |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | ૦૯–૦૮–૨૦૨૧ | | |
| ફૈંસલ કર્યા તારીખ | ૧૬–૦૪–૨૦૨૨ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

## મહેરબાન એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૧ માં, મું.અમદાવાદ

**ફો.કેસ નં.૯૧૩૨૪/૨૦૨૧**

**આંકઃ–**

**ફરીયાદીઃ–** નામદાર સરકાર.

(મુળ ફરીયાદીઃ નિરવ ગીરીશભાઈ લાલા),

**વિરુધ્ધ**

**આરોપીઃ–** **(૧)** અંકિતકુમાર ભીખુભાઈ વાળા,(ઉ.વ.૨૭),

રહે.૨૯/૩૪૬, અમર એપાર્ટમેન્ટ, સંજયનગરનાં છાપરાની સામે,

ટેલીફોન એક્ષચેન્જ રોડ, ઘાટલોડીયા, અમદાવાદ.

મુળ રહે.મફત પ્લોટ મકાન નં.૦૦૪, બી.બી.વિદ્યાલય સામે, ગામ–મિતીયાજ,

તા.કોડીનાર, જી.ગીરસોમનાથ.

**(૨)** સૌરભ પ્રકાશચંન્દ્ર જૈન, (ઉ.વ.૨૫),

રહે.૫૬/૬૬૪, શીવમ એપાર્ટમેન્ટ, અખબારનગર સામે, વ્યાસવાડી, વાડજ, અમદાવાદ.

મુળ વતનઃ– ગામ.તલવાડા, થાના બાંસવાડા, જી.બાંસવાડા, રાજસ્થાન.

**(૩)** શરદ યોગેશભાઈ ટાંક,(ઉ.વ.૨૫),

રહે.ઘનશ્યામ, પંચશીલ સોસાયટી, શેરી નં.૧, દોશી હોસ્પિટલ પાસે, ગોંડલ રોડ,

રાજકોટ.

**(૪)** દિગ્વીજયસિંહ ઉર્ફે દિગુભા સ./ઓ. સંગ્રામભાઈ રાઠોડ,(ઉ.વ.૨૩),

રહે.ગામ.કડવાસણ, તા.કોડીનાર, જી.ગીરસોમનાથ.

(૫) પ્રતિક રમેશભાઈ ગોહિલ,(ઉ.વ.૨૧),

રહે.ગામ.પીપળી, તા.કોડીનાર, જી.ગીરસોમનાથ.

**ગુનો:ધી ઈ.પી.કોડની કલમ:૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ , ૧૨૦(બી) તથા ધી આઈ.ટી.એકટની કલમ:૬૬(ડી) મુજબનો...**

| | |
|---|---|
| ફરીયાદ પક્ષે | વિદવાન એ.પી.પી.શ્રી વાય.કે.વ્યાસ |
| આરોપી પક્ષે | વિદવાન વકીલશ્રી કે.પી.દવે |

## -: ચુ કા દો ::-

૧. ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓ તથા ચાર્જસીટનાં કોલમ નં.૨ માં જણાવેલ કાયદાનાં સંઘર્ષમાં આવેલ કિશોરએ ગઈ તા.૦૫/૦૫/૨૦૨૧ નાં રોજથી તા.૧૮/૦૫/૨૦૨૧ સુધીમાં ગુનાહીત કાવતરુ રચી ઓનલાઈન ઈન્ટરનેટ માઘ્યમથી વોટસએપ મારફતે OXYGEN CONCENTRATOR મશીનનાં ફોટો તેમજ એટોમદાસ નામની કંપનીનાં નામનું બનાવટી ઈનવોઈસ સાચા તરીકે ઉપયોગ કરી ફરીયાદી તેમજ તેઓનાં મિત્ર તેમજ ડિલર સાહેદ નં.૨૨ કૌશિકભાઈ શાહ નાંઓને કોલમ નં.૧ માં જણાવેલ આરોપી નં.૩ મારફતે વાતચીત કરાવી તેમજ કોલમ નં.૨ માં જણાવેલ કાયદાનાં સંઘર્ષમાં આવેલ કિશોર મારફતે માલ પેકીંગ માટે રેડી હોવાનું વિડીયો બનાવી ફરીયાદીને મોકલી તેમનો વિશ્વાસ અને ભરોસો કેળવી આરોપીઓ આવા કોઈ મશીન નહી વેચતા હોવા છતાં ઓનલાઈન ડિલીંગ કરી ફરીયાદી પાસેથી કુલ રૂા.૭૫,૦૦,૦૦૦/– તથા સાહેદ નં.૨૨ કૌશિકભાઈ પાસેથી રૂા.૩૮,૦૦,૦૦૦/– મળી રૂા.૧,૧૩,૦૦,૦૦૦/– (એક કરોડ તેર લાખ) આરોપી નં.૧ ના આઈ.સી.આઈ.સી.આઈ. બેંક એકાઉન્ટ નં.૩૨૪૩૦૫૫૦૦૧૦૯ , આઈ.એફ.એસ.સી. કોડ નં.૦૦૦૩૨૪૩ નમાં ભરાવડાવી આરોપી નં.૧ નાંઓએ પોતે તેમજ આરોપી નં.૨, ૪ તથા ૫ મારફતે આ નાણાં મેળવી લઈ અંદરો અંદર નાણાં વહેંચી લઈ ઓર્ડર મુજબનાં મશીન કે ભરેલ નાણાં પરત નહી આપી ફરીયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી ગુનો કરી પાછળથી પકડાઈ જઈ **ધી ઈ.પી.કોડની કલમ:૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ધી આઈ.ટી.એકટની કલમ:૬૬(ડી)** મુજબ ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ સરકારશ્રી તરફે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમદાવાદમાં નોંધાવતા, પોલીસ સ્ટેશનનાં અધિકારીએ ફરીયાદીની ફરીયાદ નોંધી, સદર ફરીયાદ તપાસ કરનાર અમલદારને સુપ્રત કર્યા બાદ, તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીઓ વિરુઘ્ધ ફરીયાદનાં અનુસંધાને યોગ્ય તપાસ કરતાં વ્યાજબી

અને પુરતો પુરવો જણાઈ આવતાં અત્રેની અદાલત સમક્ષ ચાર્જસીટ રજુ કરવામાં આવેલ છે.

૨. આ કામનાં આરોપીઓ કોર્ટમાં હાજર થતાં પોલીસ તપાસનાં કાગળો મળી ગયાની ખાતરી કરી આરોપી વિરુધ્ધ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવવામાં આવેલ છે, ત્યારબાદ આંક–૦૫ થી ૦૯ મુજબ પ્લી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ન્યાયની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૩. આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**મૌખિક પુરાવાઃ–**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદી નિરવ ગિરીશકુમાર લાલાની સોંગદ પરની જુબાની | આંક–૧૦ |
| ૨. | સાહેદ કૌશીક શીરીષભાઈ શાહની સોંગદો પરની જુબાની | આંક–૨૯ |

**દસ્તાવેજી પુરાવાઃ–**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદ | આંક–૧૧ |
| ૨. | પંચનામા | આંક–૧૨ થી ૨૦ |
| ૩. | સમરી ઓફ એકાઉન્ટનાં માહીતી લીસ્ટ | આંક–૨૧ |
| ૪. | અરજદાર સાથે છેતરપીંડી થવા બાબતની અરજી અંગેનો પત્ર | આંક–૨૨ |
| ૫. | સબસક્રાઈબ ડીટેઈલ્સ રીપોર્ટની કોપી | આંક–૨૩ |
| ૬. | કે.એસ. બાયોમેડ સર્વિસને રોકડા પૈસા પરત કરવામાં આવશે તે બાબતનો પત્ર | આંક–૨૪ |
| ૭. | પી.આઈ.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનને આપવામાં આવેલ અરજી | આંક–૨૫ |
| ૮. | સીક કોલ ડેટા/ ડીટેઈલ્સ રેકર્ડનો પત્ર | આંક–૨૬ |
| ૯. | કોલ ડીટેઈલ્સની માહીતી | આંક–૨૭ |
| ૧૦. | ભારતીય પુરાવા કાયદા સને૧૮૭૨ ની કલમઃ૬૫(બી)(૪)(સી) હેઠળનું પ્રમાણપત્ર | આંક–૨૮ |

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૩૦ થી કલોઝીંગ પુરસીસ આપી વધુ પુરાવો માંગતા ન હોવાનું જણાવેલ હોય ફરીયાદપક્ષનાં પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

૪. સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો રજુ થઈ જતાં વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતો હોય, આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં ફરીયાદપક્ષનો પુરાવો તેમની હાજરીમાં લેવાયેલની હકીકતનો સ્વીકાર કરેલ છે જયારે અન્ય તમામ હકીકતનો ઈનકાર કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફેનાં વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળી.

૫. ઉપરોકત સંજોગોમાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદદાઓ ઉપસ્થિત થાય છે.

– :: **મુદ્દા** :: –

**:૧:** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરી શકે છે કે, આ કામનાં આરોપીઓ તથા ચાર્જસીટનાં કોલમ નં.ર માં જણાવેલ કાયદાનાં સંઘર્ષમાં આવેલ કિશોરએ ગઈ તા.૦૫/૦૫/૨૦૨૧ નાં રોજથી તા.૧૮/૦૫/૨૦૨૧ સુધીમાં ગુનાહીત કાવતરુ રચી ઓનલાઈન ઈન્ટરનેટ માધ્યમથી વોટસએપ મારફતે OXYGEN CONCENTRATOR મશીનનાં ફોટો તેમજ એટોમદાસ નામની કંપનીનાં નામનું બનાવટી ઈનવોઈસ સાચા તરીકે ઉપયોગ કરી ફરીયાદી તેમજ તેઓનાં મિત્ર તેમજ ડિલર સાહેદ નં.૨૨ કૌશિકભાઈ શાહ નાંઓને કોલમ નં.૧ માં જણાવેલ આરોપી નં.૩ મારફતે વાતચીત કરાવી તેમજ કોલમ નં.ર માં જણાવેલ કાયદાનાં સંઘર્ષમાં આવેલ કિશોર મારફતે માલ પેકીંગ માટે રેડી હોવાનું વિડીયો બનાવી ફરીયાદીને મોકલી તેમનો વિશ્વાસ અને ભરોસો કેળવી આરોપીઓ આવા કોઈ મશીન નહી વેચતા હોવા છતાં ઓનલાઈન ડિલીંગ કરી ફરીયાદી પાસેથી કુલ રૂા.૭૫,૦૦,૦૦૦/– તથા સાહેદ નં.૨૨ કૌશિકભાઈ પાસેથી રૂા.૩૮,૦૦,૦૦૦/– મળી રૂા.૧,૧૩,૦૦,૦૦૦/– (એક કરોડ તેર લાખ) આરોપી નં.૧ ના આઈ.સી.આઈ.સી.આઈ. બેંક એકાઉન્ટ નં.૩૨૪૩૦૫૫૦૦૧૦૯, આઈ.એફ.એસ.સી. કોડ નં.૦૦૦૩૨૪૩ નમાં ભરાવડાવી આરોપી નં.૧ નાંઓએ પોતે તેમજ આરોપી નં.ર, ૪ તથા ૫ મારફતે આ નાણાં મેળવી લઈ અંદરો અંદર નાણાં વહેંચી લઈ ઓર્ડર મુજબનાં મશીન કે ભરેલ નાણાં પરત નહી આપી ફરીયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી ગુનો કરી પાછળથી પકડાઈ જઈ **ધી ઈ.પી.કોડની કલમઃ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ધી આઈ.ટી.એકટની કલમઃ૬૬(ડી)** મુજબ સજાને પાત્ર ગુન્હા કરેલા છે ?

**:૨:** શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારાં નિર્ણય નીચે મુજબ આપવામાં આવે છે.

૧: નકારમાં,

૨: આખરી હુકમ મુજબ,

૭. ઉપરોકત જવાબ અંગેનાં કારણો નીચે મુજબ છે.

**<u>-: કા ર ણો :-</u>**

૮. **મુદા નં.૧ ચર્ચા :-**

ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈએ તો આ કામનાં આરોપીઓ સામે **ધી ઈ.પી.કોડની કલમઃ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ધી આઈ.ટી.એકટની કલમઃ૬૬(ડી)** ગુન્હાનો આક્ષેપ છે. આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષે રહેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની હકીકત ધ્યાને લેવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે ફરીયાદી નિરવ ગિરીશકુમાર લાલા ને આંક-૧૦ થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. તેમનો પુરાવો વંચાણે લેવામાં આવે તો સદરહું ફરીયાદી તેમનાં પુરાવામાં સરતપાસમાં આંક-૧૧ થી રજુ થયેલ ફરીયાદમાં તેમની સહી સિવાય અન્ય કોઈ જ હકીકતને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેમની ઉલટતપાસમાં પણ આરોપીઓ સાથે મારે ઓકસીજન કન્સેડર ની જે વાત થયેલી મે જે ઓર્ડર આપેલ તે મુજબ નો માલ મળી ગયેલો. બાકી રહેલ તેની રકમ પણ મને મળી ગયેલ છે. આરોપીએ મારી પાસે કોઈ ગુનાહીત કાવતરુ રચી મારુ તથા મારા મિત્ર કૌશિકભાઈ સાથે પોતે આવા મશીન વેચતા ન હોવા છતાં ઓનલાઈન ડીલીંગ કરી કોઈ રકમ પડાવેલ નથી. આરોપીઓએ કોઈ ઈન્ટરનેટ માધ્યમથી જાહેરાત પણ કરેલ નથી. આરોપી સાથે સમાધાન થઈ ગયેલ હોવાની હકીકત જણાવતા હોય આ કામનાં મુળ ફરીયાદી ખુદ તેમનાં મૌખિક પુરાવામાં આંક-૧૧ થી રજુ થયેલ ફરીયાદ મુજબની હકીકત ને સમર્થન કરેલ નથી કે આરોપીઓ વિરુધ્ધ કોઈ હકીકત રેકર્ડ લાવી શકેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક-૨૯ થી સાહેદ કૌશીક શીરીષભાઈ શાહનો મૌખિક પુરાવો વંચાણે લેવામાં આવે તો સદરહું સાહેદપણ ફરીયાદપક્ષનાં કેસમની મહત્વની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. તેમજ પરવાનીગીથી વિગતવારની ઉલટતપાસ કરતા ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરેલ નથી. તેમજ બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ આરોપીઓ સાથે મારે ઓકસીજન કન્સેડર ની જે વાત થયેલી મે જે ઓર્ડર આપેલ તે મુજબ નો માલ મળી ગયેલો. બાકી રહેલ તેની રકમ પણ મને મળી ગયેલ છે. આરોપીએ મારી પાસે કોઈ ગુનાહીત કાવતરુ રચી મારુ તથા મારા મિત્ર નિરવભાઈ સાથે પોતે આવા મશીન વેચતા ન હોવા છતાં ઓનલાઈન ડીલીંગ કરી કોઈ રકમ પડાવેલ નથી. આરોપીઓએ કોઈ ઈન્ટરનેટ માધ્યમથી જાહેરાત પણ કરેલ નથી. આરોપી સાથે સમાધાન થઈ ગયેલ હોવાની હકીકત જણાવતા હોય આ કામનાં સાહેદ પણ ફરીયાદીની ઉલટતપાસની હકીકતને વળગી રહેલ હોય ફરીયાદ મુજબની હકીકતને સમર્થન મળતુ ન હોય તેમનો પુરાવો

ફરીયાદપક્ષને મદદરૂપ બનતો નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૦ થી કલોઝીંગ પુરસીસ આપી મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું જણાવતા હોય ઉપરોકત સિવાય અન્ય કોઈ સાહેદને રેકર્ડ ઉપર તપાસવામાં આવેલ નથી કે આંક–૧૨ થી ૨૮ મુજબનાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવાને રેકર્ડ ઉપર ફરીયાદપક્ષ ધ્વારા પુરવાર કરવામાં આવેલ નથી. આ કામે ફરીયાદી અને આરોપીઓ વચ્ચે આંક–૦૯(એ) થી સમાધાન પુરસીસ રજુ થયેલ છે. જે સમાધાન પુરસીસ મુજબ આ કામે પોલીસે કબજે લીધેલ મુદામાલ રકમ રૂા.૫૯,૫૦,૦૦૦/– જે અંકિતભાઈ ભીખુભાઈ વાળા પાસેથી કબજે લીધેલ છે તથા રૂા.૪,૬૦,૦૦૦/– જે બીજા કબજે લીધેલ છે. એમ મળી કુલ રૂા.૬૪,૧૦,૦૦૦/– ફરીયાદીને આપવા માટે જણાવેલ છે. વધુમાં સદર કામમાં તહોમતદાર નં.૧ અંકિત ભીખુભાઈ વાળાનાંઓ ધ્વારા સદર કામમાં ત.ક.અ.શ્રી રૂબરુ જે નાણાં ફરીયાદીને આપવામાં આવે તો તહોમતદાર નં.૧ નાંઓને કોઈ વાંધો, તકરાર નથી તેમજ એટમદાસ સર્વિસ નામની કંપનીનાં બેંક એકાઉન્ટમાં રૂા.૨૬,૦૦,૦૦૦/– ફ્રિઝ કરવામાં આવેલ છેજે ડિફ્રીજ કરી ફરીયાદીનાં બેંક એકાઉન્ટ આઈ.સી.આઈ.સી.આઈ. બેંક બોડકદેવ શાખા, અમદાવાદ ખાતે ખાતા નં.૨૩૦૮૦૫૫૦૦૩૨૩ માં જમા આપવામાં આવે તો તેમને કોઈ વાંધો તકરાર નથી. સદર કામમાં તહોમતદાર નં.૩ શરદ યોગેશભાઈ ટાંકનાઓ ધ્વારા સદર કામમાં ત.ક.અ.શ્રી રૂબરુ રૂા.૫,૦૦,૦૦૦/– જમા કરાવવામાં આવેલ છે. જે નાણાં ફરીયાદીને આપવામાં આવે તો તહોમતદાર નં.૩ નાંઓને કોઈ વાંધો, તકરાર નથી. સદર કામમાં તહોમતદાર નં.૪ દિગુભા ઉર્ફે દિગ્વિજયસિંહ સંગ્રામસિંહ રાઠોડનાંઓ ધ્વારા સદર કામમાં ત.ક.અ.શ્રી રૂબરુ રૂા.૧૧,૪૭,૦૦૦/– જમા કરાવવામાં આવેલ છે. જે નાણાં ફરીયાદીને આપવામાં આવે તો તહોમતદાર નં.૪ નાંઓને કોઈ વાંધો તકરાર નથી. સદરહું કામમાં તહોમતદાર નં.૫ પ્રતિક રમેશભાઈ ગોહીલનાંઓ ઈન્ડસઈન બેંક માંનુ એકાઉન્ટ તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન ફ્રિઝ કરેલ છે. સદર એકાઉન્ટમાં જમા રકમમાંથી રૂા.૨,૪૬,૦૦૦/– ડિફ્રીજ ફરીયાદીનાં બેંક એકાઉન્ટ આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, બોડકદેવ શાખા, અમદાવાદ ખાતે ખાતા નં.૨૩૦૮૦૫૫૦૦૩૨૩ માં જમા આપવામાં આવે તો તેઓને કોઈ વાંધો તકરાર ન હોવાનું જણાવેલ છે. આમ, સદરહું મુદામાલ અંગે ઉપર મુજબ હુકમ કરવામાં આવે છે. બાકી રહેલ મુદામાલ મોબાઈલફોનો , લેપટોપ , આધારકાર્ડ, પાનકાર્ડ , ક્રેડીટકાર્ડ, બેંકનું કાર્ડો, પાસપોર્ટ એક , પાસબુક એક, ચેકબુકો ની અપીલ સમય બાદ માલિકીની ખરાઈ કરીને જે તે વ્યકિતને સોંપવાનો હુકમ કરવો જરૂરી જણાય છે. તેમજ આ કામે કેસ બાબતે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં જેટલા ખાતા ફ્રિજ કરેલ છે. તે તમામ ખાતાઓ ડિફ્રિજ કરવા સારુ હુકમ કરવો જરૂરી જણાય છે. જેથી ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આ કામનાં આરોપીઓએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. જેથી આ કામનાં આરોપીઓ તથા ચાર્જસીટનાં કોલમ નં.૨ માં જણાવેલ કાયદાનાં સંઘર્ષમાં આવેલ

કિશોરએ ગઈ તા.૦૫/૦૫/૨૦૨૧ નાં રોજથી તા.૧૮/૦૫/૨૦૨૧ સુધીમાં ગુનાહીત કાવતરુ રચી ઓનલાઈન ઈન્ટરનેટ માધ્યમથી વોટસએપ મારફતે OXTGEN CONCENTRATOR મશીનનાં ફોટો તેમજ એટોમદાસ નામની કંપનીનાં નામનું બનાવટી ઈનવોઈસ સાચા તરીકે ઉપયોગ કરી ફરીયાદી તેમજ તેઓનાં મિત્ર તેમજ ડિલર સાહેદ નં.૨૨ કૈશિકભાઈ શાહ નાંઓને કોલમ નં.૧ માં જણાવેલ આરોપી નં.૩ મારફતે વાતચીત કરાવી તેમજ કોલમ નં.૨ માં જણાવેલ કાયદાનાં સંઘર્ષમાં આવેલ કિશોર મારફતે માલ પેકીગ માટે રેડી હોવાનું વિડીયો બનાવી ફરીયાદીને મોકલી તેમનો વિશ્વાસ અને ભરોસો કેળવી આરોપીઓ આવા કોઈ મશીન નહી વેચતા હોવા છતાં ઓનલાઈન ડિલીંગ કરી ફરીયાદી પાસેથી કુલ રૂા.૭૫,૦૦,૦૦૦/– તથા સાહેદ નં.૨૨ કૌશિકભાઈ પાસેથી રૂા.૩૮,૦૦,૦૦૦/– મળી રૂા.૧,૧૩,૦૦,૦૦૦/– (એક કરોડ તેર લાખ) આરોપી નં.૧ ના આઈ.સી.આઈ.સી.આઈ. બેંક એકાઉન્ટ નં.૩૨૪૩૦૫૫૦૦૧૦૯, આઈ.એફ.એસ.સી. કોડ નં.૦૦૦૩૨૪૩ નમાં ભરાવડાવી આરોપી નં.૧ નાંઓએ પોતે તેમજ આરોપી નં.૨, ૪ તથા ૫ મારફતે આ નાણાં મેળવી લઈ અંદરો અંદર નાણાં વહેંચી લઈ ઓર્ડર મુજબનાં મશીન કે ભરેલ નાણાં પરત નહી આપી ફરીયાદી તથા સાહેદ સાથે વિશ્વાસઘાત છેતરપીંડી કરી ગુનો કરી પાછળથી પકડાઈ જઈ **ધી ઈ.પી.કોડની કલમ:૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ધી આઈ.ટી.એકટની કલમ:૬૬(ડી)** મુજબ સજાને પાત્ર ગુન્હા કરેલા છે કે કેમ ? તે સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ રહેલ હોય જેથી મુદદા નં.૧ નો મારો નિર્ણય 'નકારમાં ' આપી મુદદા નં.૨ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## –:: <u>આખરી હુકમ</u> ::–

– આ કામનાં આરોપી નં. **(૧)**અંકિતકુમાર ભીખુભાઈ વાળા, **(૨)**સૌરભ પ્રકાશચંન્દ્ર જૈન, **(૩)**શરદ યોગેશભાઈ ટાંક, **(૪)**દિગ્વીજયસિંહ ઉર્ફે દિગુભા સ./ઓ. સંગ્રામભાઈ રાઠોડ,**(૫)**પ્રતિક રમેશભાઈ ગોહિલને સી.આર.પી.સી.ની કલમ:૨૪૮(૧) અન્વયે **ધી ઈ.પી.કોડની કલમ:૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) તથા ધી આઈ.ટી.એકટની કલમ:૬૬(ડી)** નાં ગુન્હા કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– એટમદાસ સર્વિસ નામની કંપનીનાં બેંક એકાઉન્ટમાં રૂા.૨૬,૦૦,૦૦૦/– ફ્રિઝ કરવામાં આવેલ છેજે ડિફ્રીજ કરી ફરીયાદીનાં બેંક એકાઉન્ટ આઈ.સી.આઈ.સી.આઈ. બેંક બોડકદેવ શાખા, અમદાવાદ ખાતે ખાતા નં.૨૩૦૮૦૫૫૦૦૩૨૩ માં જમા કરવા. સદર કામમાં તહોમતદાર નં.૩ શરદ યોગેશભાઈ ટાંકનાઓ ધ્વારા સદર કામમાં ત.ક.અ.શ્રી રૂબરુ રૂા.૫,૦૦,૦૦૦/– જમા કરાવવામાં આવેલ છે. જે નાણાં ફરીયાદીને આપવાનો હુકમ કરવામાં આવે છે. સદર કામમાં તહોમતદાર નં.૪ દિગુભા ઉર્ફે દિગ્વિજયસિંહ સંગ્રામસિંહ રાઠોડનાંઓ ધ્વારા સદર

કામમાં ત.ક.અ.શ્રી રૂબરુ રૂા.૧૧,૪૭,૦૦૦/– જમા કરાવવામાં આવેલ છે. જે નાણાં ફરીયાદીને આપવાનો હુકમ કરવામાં આવે છે. સદરહું કામમાં તહોમતદાર નં.૫ પ્રતિક રમેશભાઈ ગોહીલનાંઓ ઈન્ડસઈન બેંક માંનુ એકાઉન્ટ તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન ફ્રિઝ કરેલ છે. સદર એકાઉન્ટમાં જમા રકમમાંથી રૂા.૨,૪૬,૦૦૦/– ડિફ્રીજ ફરીયાદીનાં બેંક એકાઉન્ટ આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, બોડકદેવ શાખા, અમદાવાદ ખાતે ખાતા નં.૨૩૦૮૦૫૫૦૦૩૨૩ માં જમા આપવાનો હુકમ કરવામાં આવે છે. જયારે અન્ય મુદામાલ મોબાઈલ ફોનો , લેપટોપ , આધારકાર્ડ, પાનકાર્ડ , ક્રેડીટકાર્ડ, બેંકનું કાર્ડો, પાસપોર્ટ એક , પાસબુક એક, ચેકબુકો ની અપીલ સમય બાદ માલિકીની ખરાઈ કરીને જે તે વ્યકિતને સોંપવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ સાયબર ક્રાઈમ પોલીસે આ ગુનામાં લગતા જે જે ખાતા ફ્રિજ કરવામાં આવેલ છે તે તમામ ખાતા ડીફ્રિજ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– સદરહું હુકમ અંગેની જાણ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમદાવાદને કરવી.

– ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩નીકલમ–૪૩૭(અ) મુજબ દરેક આરોપીએ રૂ.૫૦૦૦/–(અંકે પાંચ હજાર પુરા)ની રકમનાં જામીન સહીતનો જાતમુચરકો રજુ કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૧૬/૦૪/૨૦૨૨
અમદાવાદ.

(બરકતખાન એચ. ઘાસુરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧, અમદાવાદ
જજ કોડ નં. જીજે૦૦૯૮૩.

LALJI(P.A.)